# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-07-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓ અને કૉન્ટ્રાક્ટર્સને ગુણવત્તાસભર વિકાસકાર્યો કરવા ટકોર કરી.
2. ગાંધીનગરમાં મહિલા ગૃહરક્ષક પર કેમિકલ હુમલો કરનારા રિક્ષાચાલકની ધરપકડ
3. રાજ્યમાં ગત 10 વર્ષમાં 16 લાખથી વધુ મહિલાઓએ 181 અભયમ્ હેલ્પલાઈનની મદદ મેળવી
4. બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરના છુટાછવાયા સ્થળો પર આવતીકાલે ભારે વરસાદની આગાહી
5. જર્મનીમાં રમાઈ રહેલી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ફેન્સિંગ રમતમાં બનાસકાંઠાનાં ખુશી સમેજાની પસંદગી થઈ

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM PATEL PATAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, લોકોના કલ્યાણ માટે રાજ્ય સરકાર સતત ચિંતિત અને પ્રયત્નશીલ છે. પાટણના સાંતલપુર તાલુકામાં આજે અંદાજે 110 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યા બાદ શ્રી પટેલે આ વાત કહી. દરમિયાન તેમણે અધિકારીઓ અને કૉન્ટ્રાક્ટર્સને તમામ કામ ગુણવત્તાસભર કરવા ટકોર પણ કરી.

**(BYTE- BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

આ પ્રસંગે શ્રી પટેલે વિવિધ યોજનાના 44 લાખ રૂપિયાના સહાયના ચેકનું વિતરણ તેમજ નવનિયુક્ત શિક્ષકોને નિમણૂકના હુકમો એનાયત કર્યા.

. . . . . . . . . . .

# ROAD REPAIR

રાજ્યભરમાં ક્ષતિગ્રસ્ત માર્ગોનું સમારકામ ચાલી રહ્યું છે. ત્યારે વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં વરસાદના કારણે ધોવાયેલા સેગવાથી શિનોર માર્ગ પર ખાડા ભરવાનું કામ પૂર્ણ કરાયું.

નવસારી જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-64 પર આવેલા પૂર્ણા નદી બ્રિજ ભારે વાહનો માટે બંધ કરાયો છે.

દક્ષિણ ગુજરાત સહિત સુરતમાં માર્ગોનું સમારકામ તથા બ્રિજની ચકાસણીનું કામ હાથ ધરાયું છે. તે અંતર્ગત મહુવા અને બારડોલી તાલુકાઓમાં માર્ગોની જાળવણી અને સુધારણાનું કાર્ય ચાલી રહ્યું છે.

. . . . . . . . . . .

# BANASKANTHA VIDYA SAHAYAK

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આજે બનાસકાંઠામાં 490 જેટલા વિદ્યા સહાયકોને નિમણૂકપત્ર એનાયત કર્યા. એકથી પાંચ ધોરણ માટે પસંદ થયેલા આ શિક્ષકોના કારણે વાવ, સુઈગામ, થરાદ, ધાનેરા, ભાભર અને દિયોદર તાલુકામાં શિક્ષકોની ઘટ પૂર્ણ થશે.

દરમિયાન શ્રી ચૌધરીએ નવનિયુક્ત શિક્ષકોને અભિનંદન પાઠવતા કહ્યું, રાજ્ય સરકાર શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તાસભર માનવ સંશાધન ઉપલબ્ધ કરાવવા સતત પ્રયત્નશીલ છે. આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વી. એમ. પટેલે આગામી સમયમાં ધોરણ છથી આઠમાં પણ શિક્ષકોની નિમણૂક કરાશે તેમ જણાવ્યું.

. . . . . . . . . . .

# KANU DESAI SURAT

નાણામંત્રી અને સુરત જિલ્લા પ્રભારી મંત્રી કનુ દેસાઈએ આજે સુરતમાં વિવિધ સમીક્ષા બેઠક યોજી. તેમણે શહેર અને જિલ્લાના વિવિધ બ્રિજની વર્તમાન સ્થિતિ તથા ખાડીપૂર નિવારણ બાબતે પદાધિકારીઓ

અને અધિકારીઓ સાથે તબક્કાવાર સમીક્ષા કરી. શ્રી દેસાઈએ સૌને સાથે મળીને વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવા અનુરોધ કર્યો.

શ્રી દેસાઈએ સુરતની મુશ્કેલી નિવારવા લાંબા ગાળાના આયોજન માટે રાજ્યસ્તરે સિંચાઈ વિભાગ સાથે ચર્ચા કરીને વિચારણા કરાશે તેમ જણાવ્યું. તેમણે નિષ્ણાત-સલાહકારની નિમણૂક કરવા પણ સૂચન કર્યું. સુરત મહાનગરપાલિકામાં 121 બ્રિજ આવેલા છે. ત્યારે હાલ કોઈ બ્રિજ જર્જરીત ન હોવાની વિગત અધિકારીઓએ આપી.

. . . . . . . . . . .

# HOME GUARD HUMLO

ગાંધીનગરમાં કલોલ તાલુકાના છત્રાલ ગામમાં મહિલા ગૃહરક્ષક પર કેમિકલ વડે હુમલો કરનારા રિક્ષાચાલકની ધરપકડ કરવામાં આવી છે. છત્રાલ ઓવરબ્રિજ પાસે ફરજ બજાવતાં ટ્રાફિક ગૃહરક્ષક અને મહિલા ગૃહરક્ષક ટ્રાફિક વ્યવસ્થા ગોઠવી રહ્યાં હતાં. દરમિયાન ત્યાંથી પસાર થતાં એક રિક્ષાચાલકને યોગ્ય જગ્યાએ પાર્ક કરવાનું કહેતાં તે કેમિકલ હુમલો કરી ફરાર થઈ ગયો હતો.

જ્યારે ઈજાગ્રસ્ત થયેલા મહિલા ગૃહરક્ષકને સિવિલ હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયાં હતાં. પોલીસે રિક્ષાચાલકની ધરપકડ કરી હોવાનું કલોલના નાયબ પોલીસ અધિક્ષક પી. ડી. મનવરે જણાવ્યું.

**(BYTE: P. D. MANVAR, DySP, GANDHINAGAR)**

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# 181 ABHYAM HELPLINE

રાજ્યમાં ગત 10 વર્ષમાં 16 લાખ 58 હજાર 892 જેટલી મહિલાએ 181 અભયમ્ હેલ્પલાઈનની મદદ મેળવી છે. જ્યારે બે લાખ નવ હજાર જેટલી મહિલાઓની સમસ્યાઓનું સ્થળ પર જ સમાધાન કરાયું છે. સાંભળીએ એક અહેવાલ.

**(V/C- HEMANGINI SONARA)**

*(....રાજ્યની દરેક વયજૂથની મહિલાઓને સંકટ સમયે સહાય આપવાના હેતુથી વર્ષ 2015માં 181 અભયમ્ મહિલા હેલ્પલાઈનનો પ્રારંભ થયો. રાજ્યમાં હાલ અભયમ્-ની 59 જેટલી બચાવ વેન કાર્યરત્ છે. તાકીદની પરીસ્થિતિમાં સલાહકાર સાથે ઘટનાસ્થળે પહોંચતી આ વેન થકી ત્રણ લાખ 31 હજાર જેટલી મહિલાને મદદ મળી છે. હેલ્પલાઈન થકી મહિલાઓને તાત્કાલિક બચાવ, મદદ અને ફોન પર માર્ગદર્શન તેમજ લાંબા અને ટૂંકા ગાળાની સલાહ આપીને તેમની સમસ્યાનો ઉકેલ*

*લવાય છે. <u>દરમિયાન વર્ષ 2018માં શરૂ કરાયેલી અભયમ્ 181 મોબાઈલ એપ્લિકેશન અત્યાર સુધી બે લાખ 73 હજારથી વધુ મહિલાઓએ ડાઉનલોડ કરી છે.</u>*

*સમાચાર વિભાગથી હેમાંગિની સોનારા, આકાશવાણી, અમદાવાદ.)*

. . . . . . . . . . .

# KHEDA - ABHAYAM

નડિયાદમાં 181 અભયમ્ મહિલા હેલ્પલાઇને એક મહિલાને આત્મહત્યા કરતાં અટકાવ્યા છે. એક વ્યક્તિએ અભયમ્-ને જાણ કરી ટીમે ઘટનાસ્થળે પહોંચી આ મહિલાને યોગ્ય સલાહ આપી પરિવારમાં સમાધાન કરાવ્યું.

. . . . . . . . . . .

# CHHOTAUDEPUR BHASHA

છોટાઉદેપુર જિલ્લાના ગ્રામીણ વિસ્તારના બાળકોને સ્થાનિક રાઠવી બોલીમાં શિક્ષણ અપાઇ રહ્યું છે. જિલ્લાની સ્થાનિક બોલીને ધ્યાને લઈ 25 જેટલા તજજ્ઞોએ રાઠવી ભાષામાં સાહિત્યનું નિર્માણ કર્યું છે. આ અંગે અધ્યાપક તાલીમ ભવનના ડૉક્ટર વિશ્વજીત યાદવે વધુ માહિતી આપી.

**(BYTE: DR. VISHVAJEET YADAV, ADHYAPAK TALIM BHAVAN)**

. . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આવતીકાલે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લાના છુટાછવાયા સ્થળો પર ભારે વરસાદની આગાહી છે. તો માછીમારોને 22 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના છે. આ અંગે હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે વધુ માહિતી આપી.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

રાજ્યમાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં 28 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ પોણા બે ઈંચ જેટલો વરસાદ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી કુલ સરેરાશ 51 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. દરમિયાન સૌથી વધુ 58 ટકા જેટલો વરસાદ કચ્છ વિસ્તારમાં અને સૌથી ઓછો 48 ટકા જેટલો વરસાદ ઉત્તર ગુજરાતમાં વરસ્યો છે.

બીજી તરફ, રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા નિગમ યોજનામાં કુલ સંગ્રહ ક્ષમતાના 55 ટકા જેટલી ભરાઈ છે. જ્યારે રાજ્યમાં હાલ 26 બંધ 100 ટકા, 60 બંધ 70થી 100 ટકા અને 37 બંધ 50થી 70 ટકા ભરાયાના અહેવાલ છે. તો 42 બંધ ભારે ચેતવણી અને 21 બંધ ચેતવણી પર છે.

. . . . . . . . . . .

# RAJKOT- AAJI DAM

રાજકોટનો આજી-ત્રણ બંધ પૂર્ણ સપાટીએ ભરાતા એક દરવાજો 0.0762 મીટર ખોલવામાં આવશે, જેથી હેઠવાસના ખજૂરડી, થોરીયાળી અને ખીજડી-મોટા ગામના લોકોને તાત્કાલિક સલામત સ્થળે જવા તેમજ નદીના પટમાં અવરજવર ન કરવા પૂર નિયંત્રણ સેલે સૂચના આપી છે.

. . . . . . . . . . .

# BANASKANTHA PLAYER

જર્મનીમાં રમાઈ રહેલી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં તલવારબાજીની રમત ફેન્સિંગ માટે રાજ્યના ત્રણ ખેલાડીની પસંદગી થઈ છે. તેમાંથી એક ખેલાડી ખુશી સમેજા બનાસકાંઠાનાં કુવાળા ગામનાં છે. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે, ખુશી સમેજાએ ફેન્સિંગની શરૂઆત પોતાની શાળાથી કરી હતી. તેમણે પ્રારંભિક તાલીમ ડીસાની D.N.J. આદર્શ હાઈસ્કૂલમાં વ્યાયામના શિક્ષક અને તેમનાં પિતા પાસેથી મેળવી છે.

દર બે વર્ષે યોજાતી આ રમત 23 વિવિધ સ્થળોએ રમાય છે. તેમાં ફેન્સિંગ સહિત કુલ 27 રમતનો સમાવેશ કરાયો છે. આગામી 27 જુલાઇ સુધી રમાનારી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં આ વખતે બનાસકાંઠા, સહિત અમદાવાદ અને પાટણના એક ખેલાડીનો પણ સમાવેશ કરાયો છે.

. . . . . . . . . . .

# GOVERNOR – KISAN GOSHTHI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને આજે કુરુક્ષેત્રના ગુરુકુળમાં 'કિસાન ગોષ્ઠી'નું આયોજન કરાયું, જેમાં હરિયાણા રાજ્યના અનેક જિલ્લામાંથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ ભાગ લીધો.

રાજ્યપાલશ્રીએ કહ્યું, પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોના અનુભવો અને પરિણામો આજે તેની સફળતાનો પુરાવો છે. તેમણે ઉમેર્યું કે, સરકાર દ્વારા પ્રાકૃતિક ઉત્પાદનોના પ્રમાણપત્રની પ્રક્રિયાને સરળ બનાવવામાં આવી રહી છે. તેમણે ખેડૂતોને, તેમના વિસ્તારના અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના લાભ અંગે જાગૃત કરવા વિનંતી કરી.

. . . . . . . . . . .

# HEALTH DEP. CAMPAIGN

રાજ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા વાહકજન્ય રોગ પર નિયંત્રણ માટે સવિશેષ ઝૂંબેશ હાથ ધરાઈ છે. ઝૂંબેશ હેઠળ જંતુનાશક દવા છંટકાવનો બીજો તબક્કો આગામી પહેલી ઑગસ્ટથી શરૂ થશે. અગાઉ 16 મૅથી 11 જુલાઈ સુધી પ્રથમ તબક્કો યોજાયો. દરમિયાન મેલેરિયા માટે સંવેદનશીલ 21 જિલ્લાના 196 ગામમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાયો.

આ વર્ષના ગત 28 સપ્તાહમાં 92 લાખ 86 હજારથી વધુ લોહીના નમૂના લેવાયા. તેમાંથી મલેરિયાના 860 કેસ નોંધાયા અને તેના કારણે 40 લોકોના મોત થયા. જ્યારે ડેન્ગ્યૂની તપાસ માટે લીધેલા 67 હજારથી વધુ સિરમમાંથી 728 કેસ નોંધાયા. તેમજ 130 કેસ ચિકિનગુનિયાના

નોંધાયા છે. ચોમાસાની ઋતુમાં વાહકજન્ય રોગોના નિયંત્રણ-તપાસ માટે 492 વેક્ટર કન્ટ્રોલ ટીમ કાર્યરત્ છે.

. . . . . . . . . . .